# કોચ (પ્રશિક્ષક)

રમતગમત કોચ રમત-ગમતમાં ભાગ લેતા લોકોને તેમની સંપૂર્ણ ક્ષમતા હાંસલ કરવામાં મદદરૂપ બને છે. તેઓ વ્યાવસાયિક ખેલાડીઓ, રમતગમતની ટીમો, સમુદાયની ટીમો અથવા શાળા જૂથોને સહોયોગ પુરો પાડી શકે છે. રમતગમતના કોચ જરૂરિયાતોને ઓળખીને, યોગ્ય તાલીમ કાર્યક્રમોનું આયોજન અને અમલીકરણ કરીને ખેલાડી અથવા ટીમની ક્ષમતામાં વધારો કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે રમતગમતમાં કાબેલ છો
- તમને ટીમમાં કામ કરવું પસંદ છે
- તમે લોકોને શીખવવાનું અથવા તાલીમ આપવાનું પસંદ કરો છો
- તમે લોકોને તમારા માર્ગદર્શન હેઠળ કામ કરવા માટે પ્રોત્સાહિત કરી શકો છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧૨,૫૦૦ થી ૩,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. સ્પોર્ટ્સ કોચિંગ/સ્પોર્ટ્સ મેનેજમેન્ટ/શારીરિક શિક્ષણમાં સ્નાતક (બી.એસ.સી./ બી.એસ.એમ./બી.પી.એજ્યુ.)ની ડિગ્રી મેળવો. **અથવા**

સ્પોર્ટ્સ મેનેજમેન્ટ/સ્પોર્ટ્સ કોચિંગમાં ડિપ્લોમા કરો.

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, તે જ અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

કોચનું અંદાજીત માસિક વેતન **રૂ. ૩૨,૫૦૦ થી ૧,૦૦,૦૦૦*** જેટલું હોય છે. આ રકમ દરેક રમત મુજબ બદલાતી રહે છે.

સ્ત્રોત: https://www.payscale.com/research/IN/Job=Athletic_Coach/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** પ્રોફેશનલ સ્પોર્ટ્સ ટીમ, ક્લબ વગેરે.

**ઉદ્યોગસાહસિકતા :** તમે તમારો પોતાનો વ્યવસાય શરૂ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ :** આ ડેસ્ક જોબ નથી. તમે ઓફિસમાં તેમજ બહાર ફિલ્ડમાં એમ બંને સ્થળ પર કામ કરશો. તમે એક ટીમનું સંચાલન કરશો. તમારા કામકાજનું સમયપત્રક અનિયમિત હોઇ શકે છે. તમારે સાંજે, સપ્તાહના અંતમાં તેમજ રજાઓમાં કામ કરવાનું બની શકે છે. આ ઉપરાંત, તમે ચોક્કસ રમતગમતની સીઝન દરમિયાન દર અઠવાડિયે ૪૦ કલાકથી વધુ કામ કરી શકો છો.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

સહાયક કોચ → કોચ → મુખ્ય કોચ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

એથ્લેટિક કોચ, પ્રોફેશનલ એથ્લેટિક ટ્રેનર, સ્પોર્ટ્સ કોચ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. નેશનલ સ્પોર્ટ્સ યુનિવર્સિટી સોસાયટી, ઈમ્ફાલ, મણિપુર
૨. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ગુજરાત
૩. તામિલનાડુ ફિઝીકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ચેન્નાઈ
૪. નેશનલ એકેડમી ઓફ સ્પોર્ટ્સ મેનેજમેન્ટ, મુંબઈ
૫. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એસ.એ.આઇ.) નેતાજીસુભાષ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્પોર્ટ્સ, પટિયાલા
૬. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એસ.એ.આઇ.) નેતાજીસુભાષ સધર્ન સેન્ટર, બેંગલુરૂ
૭. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એસ.એ.આઇ.) એન.એસ.ઈ.સી., કોલકાતા
૮. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એસ.એ.આઇ.) લક્ષ્મીબાઈ નેશનલ કોલેજ ઓફ ફિઝીકલ એજ્યુકેશન, તિરુવનંતપુરમ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે શું સંસ્થા યુજીસી સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. આઈ.આઈ.એસ.એમ. મુંબઈ
૨. એલ. જે. ઈન્સ્ટિટ્યુટ ઓફ સ્પોર્ટ્સ એન્ડ ઈવેન્ટ મેનેજમેન્ટ, અમદાવાદ
૩. આયર્નવુડ સ્પોર્ટ્સ મેનેજમેન્ટ ગ્લોબલ એકેડમી, મુંબઈ
૪. શ્યામાપ્રસાદ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી એન્ડ મેનેજમેન્ટ, કોલકાતા
૫. સ્કૂલ ઓફ મેનેજમેન્ટ ડૉ. ડી. વાય. પાટીલ યુનિવર્સિટી, પુણે
૬. કે. જે. સોમૈયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, મુંબઈ
૭. એમ.આઇ.ટી. સ્કૂલ ઓફ મેનેજમેન્ટ, પુણે
૮. ડૉ. સુભાષ યુનિવર્સિટી, જુનાગઢ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ઓનલાઈન અભ્યાસક્રમો:**

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

ભારતની મહિલા હોકી ટીમના મુખ્ય કોચ **જેનકે શોપમેન,** નેધરલેન્ડને વર્ષ ૨૦૦૮ બેઇજિંગ ઓલિમ્પિકમાં, ઓલિમ્પિક સુવર્ણ ચંદ્રક અને વર્ષ ૨૦૦૪ એથેન્સ ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીતવામાં મદદ કરવા માટે જાણીતા છે. તેણીએ ડેલ્ફ્ટ યુનિવર્સિટી ઓફ ટેક્નોલોજી, નેધરલેન્ડમાંથી સિવિલ એન્જિનિયરીંગમાં સ્નાતકની પદવી હાંસલ કરેલ છે.*

સ્ત્રોત : https://sportingethos.com/our-experts/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.